ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી



## બીલીમોરામાં એક્સપ્રેસ ટ્રેન સામે સુઈ જઈ યુવાનનો આપઘાત

બીલીમોરા : બીલીમોરાના દેસરા ઓવરબ્રિજ નીચેથી પસાર થતી એક્સપ્રેસ ટ્રેન સામે એક અજાણ્યો યુવાને સૂઈ જઈ આત્મહત્યા કરી લીધી હતી. તારીખ ૨૨/૦૨/૨૦૨૬ એ સાંજે છ કલાકે બીલીમોરાના દેસરા ઓવરબ્રિજ નીચેની ડાઉન લાઈન ઉપરથી પસાર થતી હિસાર એક્સપ્રેસ ટ્રેનની સામે એક ૩૫ વર્ષનો અજાણ્યો યુવાન ટ્રેન સામે સુઈ જઈ આત્મહત્યા કરી લીધી હતી. આત્મહત્યા કરતી વખતે મરનારનું મસ્તક તેના ધડથી કપાઈ જવાથી છૂટુ પડી ગયું હતું. મરણ જનાર આ અજાણ્યો યુવાનની ઊંચાઈ ૫ ફૂટ ૫ ઈંચ, રંગે ઘઉંવર્ણ, જમણા હાથની કલાઈ ઉપર ૐ ત્રોફાવેલું છે, જેણે શરીર ઉપર ગ્રે કલરનો ટપકાવાળો આખી બાયનો શર્ટ તથા કમરે ડાર્ક જાંબુડીયા કલરનો હાફ પેન્ટ પેહરેલું છે. બીલીમોરા રેલવે આઉટ પોસ્ટ પોલીસે મરણ જનાર અજાણ્યા યુવાનના વાલી વારસોની શોધખોળ કરી રહ્યા છે.

# એક વર્ષ બાદ 'નંદી ઉતારા' બ્રિજ ખોલાયો

**ગંભીરા** પુલ નજીક સર્જાયેલી ગંભીર દુર્ઘટના બાદ સાકરપાતળનો 'નંદી ઉતારા' બ્રિજ બંધ કરાયો હતો

**એક** વર્ષથી ભારે વાહનો વૈકલ્પિક લાંબા માર્ગો પરથી પસાર થવું પડતું હતું


ગિરીશ ભોયે

સાપુતારા : રાજ્યના ગંભીરા પુલ નજીક સર્જાયેલી ગંભીર દુર્ઘટના બાદ રાજ્ય સરકાર દ્વારા પુલોની સુરક્ષા અને જાળવણી અંગે લેવાયેલા કડક પગલાના ભાગરૂપે બંધ કરાયેલો સાકરપાતળનો 'નંદી ઉતારા' બ્રિજ આખરે એક વર્ષ બાદ પુનઃ કાર્યરત થયો છે. વઘઈ-શામગહાન આંતરરાજ્ય ધોરીમાર્ગ પર સ્થિત આ મહત્વપૂર્ણ બ્રિજ પરથી ભારે વાહનો પરનો પ્રતિબંધ હટાવી લેવામાં આવતા આ વિસ્તારના વાહન વ્યવહારમાં ફરી ધમધમાટ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગંભીરા પુલની હોનારત બાદ સમગ્ર ગુજરાતમાં પુલોની ગુણવત્તા અને મજબૂતી અંગે ચિંતા પ્રસરી હતી. આ સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના પગલે સાકરપાતળ પાસેના નંદી ઉતારા બ્રિજને ભારે વાહનો માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. કાર્યપાલક ઈજનેર કેતન કુંકણા અને તેમની ટીમના સતત નિરીક્ષણ હેઠળ આ ગુણવત્તાસભર મરામત પૂર્ણ કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષથી એસ.ટી. બસો, લક્ઝરી ટ્રાવેલ્સ અને મોટા માલવાહક ટ્રકોને વૈકલ્પિક લાંબા માર્ગો પરથી પસાર થવું પડતું હતું. જેના કારણે ઈંધણના ખર્ચમાં વધારો થવાની સાથે મુસાફરોના કિંમતી સમયનો પણ વ્યય થતો હતો. આ માર્ગ સીધો સાપુતારા જેવા પ્રવાસન સ્થળો અને ધાર્મિક કેન્દ્રોને જોડતો હોવાથી પ્રવાસીઓને પણ મોટી હાલાકી ભોગવવી પડી હતી. હવે બ્રિજ ખુલતાની સાથે જ માલવાહક વાહનો સમયસર પહોંચી શકશે, જેનાથી સ્થાનિક વેપારને વેગ મળશે. સાપુતારા અને આસપાસના કુદરતી સ્થળોએ જતા પ્રવાસીઓ માટે મુસાફરી સરળ બનશે,રોજિંદા અપ-ડાઉન કરતા વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ અને ખેડૂતોના સમય અને નાણાંની બચત થશે.

### ગુજરાતના પરિવહન માટે 'જીવનરેખા' સાબિત થશે

માર્ગ અને મકાન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, સલામતીના તમામ ઉચ્ચ માપદંડો ચકાસ્યા બાદ જ આ પુલને લીલી ઝંડી આપવામાં આવી છે. જોકે, સ્થાનિક તંત્ર અને નાગરિકોનું માનવું છે કે હવે વાહનચાલકોએ પણ જવાબદારી પૂર્વક ટ્રાફિકના નિયમોનું પાલન કરવું જોઈએ જેથી ભવિષ્યમાં આવી કોઈ ગંભીર સ્થિતિનું નિર્માણ ન થાય. એક વર્ષ બાદ ફરી ધમધમતો થયેલો આ બ્રિજ ડાંગ જિલ્લા અને ગુજરાતના પરિવહન માટે ખરા અર્થમાં 'જીવનરેખા' સાબિત થશે.

## સંક્ષિપ્ત સમાચાર

### જિનાલયની ઉપરની ધજા તે પ્રભુની પહેચાન છે : પદ્મદર્શનસૂરિજી



સુરત : બીલીમોરા (બબબરકોર) નવાપરા સ્થિત શ્રી શાંતિનાથ જિનાલયની 73મી સાલગિરિ નિમિત્તે નૂતન આચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ મુનિ પ્રીતદર્શનવિજય અને મુનિ પ્રેમદર્શનવિજયજી મહારાજ આદિ શ્રમણ વૃંદની પાવન નિશ્રામાં રંગે ચંગે ઉજવાઇ હતી. સાલગિરિનો સંપૂર્ણ લાભ શાંતિલાલ ભાઇલાલ શાહ પરિવારે લીધો હતો. સાલગિરિની ઉજવણી પ્રસંગે સત્તરભેદી પૂજા ભણાવવા માટે વાપીથી શ્રી અજીતનાથ યુવક મંડળ પધાર્યું હતું. લાભાર્થી પરિવારે ધજા મસ્તક ઉપર લઇને ત્રણ પ્રદક્ષિણા કરીને શિખર ઉપર ધજારોહણ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર પૂર્વક કર્યું હતું. પૂજ્યશ્રીએ ધ્વજારોહણ બાદ 'બૃહત્ શાંતિ' સ્તોત્રનું પાઠન કર્યું હતું. આ પાવન અવસરે જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે જિનાલયના શિખર ઉપર જે ધજા ચડાવે છે અને ચડતી ધજાને જે જુએ છે તેના જીવનની ઉન્નતિ થાય છે. જિનાલયની ઉપરની ધજા તે પ્રભુની પહેચાન છે. પરમાત્મા આપણા મનમંદિરમાં પધારી જાય તો જીવનમાં આવતી તમામ આધિ, વ્યાધિ અને ઉપાધિઓનો અંત આવે છે.

### વાપીની આર.કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ દ્વારા માતૃભાષા મહોત્સવની ઉજવણી



વાપી : વાપીની આર.કે. દેસાઇ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીના તાલીમાર્થીઓ દ્વારા માતૃભાષા સપ્તાહ અંતર્ગત શ્રી સાર્વજનિક હાઇસ્કુલ, કોપરલીમાં માતૃભાષા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શાળાના આચાર્ય ધર્મેશકુમાર પટેલે હાજરી આપી માતૃભાષા, મને ગુજરાતી વિષય સંદર્ભે પ્રાસંગિક ઉદ્બોધન રજૂ કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તાઓ તરીકે આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રધ્યાપકો ડો. રાહુલભાઈ ટંડેલે શિક્ષણનું માધ્યમ ગુજરાતી ભાષામાં અને પ્રા.અક્ષયભાઈ ટંડેલે માતૃભાષાની ગરિમા વિષય પર પ્રવચનો આપ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રા.સાહિલકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. બી.એડ. કોલેજના અને એમ.એડ.ના તાલીમાર્થીઓ દ્વારા સ્વાગત નૃત્ય, ગરબો, નાટક, ક્વીઝ વગેરે રજૂ થયા હતાં. વિદ્યાર્થીઓ માટે સુલેખન અને નિબંધ સ્પર્ધાનું પણ આયોજન થયું હતું. સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓને ઇનામો અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતાં. કાર્યક્રમના સંયોજક પ્રા.ડો.ગુંજન વશીએ કાર્યક્રમના આયોજન બદલ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, આર.કે દેસાઈ બી.એડ.કોલેજ પરિવાર અને કોપરલી શાળા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. આર.કે.દેસાઈ કોલેજના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ અને પ્રિ.ડો.પ્રીતિબેન ચૌહાણે સફળ કાર્યક્રમ માટે અભિનંદન પાઠવ્યા હતાં.

### બીલીમોરા સોમનાથ મંદિરેથી શ્રી હરિહર અને ઘી કમળની વિસર્જન યાત્રા


કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરામાં પ્રાચીનકાળથી સોમનાથ દાદાનું સ્વયંભૂ શિવલિંગ આવેલું છે. અહીં પ્રાચીન કાળથી મહા શિવરાત્રી ઉત્સવ ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. ઘી કમળ સાથે ૬ ફૂટ ઊંચી શ્રી હરિહરની ૨૨૦ કિલો ઘી માંથી નિર્મિત પ્રતિમા મુકાઈ હતી. દરમ્યાન સોમનાથ મંદિરથી સોમવારે સાંજે અંબિકા નદી બંદર સુધી વિસર્જન યાત્રાએ આકર્ષણ જમાવ્યું હતું. રાજમાર્ગો ઉપર ભક્તોએ દર્શન, પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. બીલીમોરા સોમનાથ મંદિરે મહાશિવરાત્રી પર્વે ૨૨૦ કિલો ઘી થી નિર્મિત શ્રી હરિહર (વિષ્ણુ - શંકર ભગવાન) ની પ્રતિમાએ આકર્ષણ જમાવ્યું હતું.જેના ૧૦ દિવસ બાદ સોમવાર સાંજે ઘી કમળની વાજતેગાજતે શોભાયાત્રા નીકળી હતી. જેનું અંબિકા નદીમાં વિસર્જન કરાયું હતું. બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિરના પ્રમુખ એસ.એમ દેસાઈ, દેવચંદ પટેલ, પંકજ મોદી, નિતીન ગાંધી, જગદીશ મહેતા, વિનોદ દેસાઈ, પ્રદીપ મહેતા સહિત તમામ ટ્રસ્ટીઓ, સુરેશ તળાવીયા, તેમજ ગીરીશભાઈ રાવલ સહિત ભક્તો ઉમટ્યા હતા.

### નાનાપોંઢાને સરકારી વાણિજ્ય અને વિનયન કોલેજ શરૂ કરવા મંજૂરી



વલસાડ : વલસાડ જિલ્લાના નવનિર્મિત નાનાપોંઢા તાલુકાને રાજ્ય સરકારે સરકારી વાણિજ્ય અને વિનયન કોલેજ શરૂ કરવા મંજૂરી આપતા તાલુકાભરમાં ખુશીનો માહોલ સર્જાયો છે. ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જીતુભાઈ ચૌધરીએ કોલેજ ફાળવવા બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ કપરાડા તાલુકામાંથી અલગ નાનાપોંઢા તાલુકો બન્યાને ગણતરીના દિવસોમાં તાલુકો અને મામલતદાર કચેરી ફાળવ્યા બાદ સરકારે વધુ એક શૈક્ષણિક સુવિધા તરીકે સરકારી વાણિજ્ય અને વિનયન કોલેજની મંજૂરી આપતા હવે વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે દૂરદૂર શહેરોમાં જવાથી મુક્તિ મળશે. નોંધનીય છેકે હવે નાનાપોંઢા તાલુકામાં મોટાપોંઢામાં કોલેજ અગાઉથી કાર્યરત છે, હવે સરકારે બીજી કોલેજ મંજૂર કરતા વિદ્યાર્થીઓને સરળતાથી પ્રવેશ મળી શકશે. ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ નાનાપોંઢા તાલુકાને નવી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ફાળવવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાણા મંત્રી કનુભાઈ દેસાઈ સહિત પ્રભારી મંત્રી નરેશ પટેલ સહિતનો આભાર વ્યક્ત કરી કોલેજ શરૂ થવાથી વિદ્યાર્થીઓને સ્થળાંતર થવાથી મુક્તિ મળશે અને સ્થાનિક કક્ષાએ તેઓ ઉચ્ચ અભ્યાસ કરી શકશે.

### વિજલપોરમાંથી 18 વર્ષની યુવતી ગુમ

નવસારી : વિજલપોર વિસ્તારમાંથી એક યુવતી ગુમ થવાની ઘટના સામે આવી છે. આ અંગે વિજલપોર પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની જા.જોગ નોંધવામાં આવી છે. મળતી માહિતી મુજબ, સૂર્યનગર, શીતલનગર વિસ્તારમાં રહેતી કરિશ્મા હીરાસિંહ દોહરે (ઉ.વ. 18 વર્ષ 8 મહિના), જે અભ્યાસ કરે છે, તે તા. 21 ફેબ્રુઆરી, 2026ના રોજ સાંજે અંદાજે 5:00 વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોઈને જાણ કર્યા વગર ક્યાંક જતી રહી હતી અને ત્યારથી પરત ફરી નથી. પરિવારજનોએ શોધખોળ કર્યા બાદ તા. 22 ફેબ્રુઆરી, 2026ના રોજ સાંજે 7:15 વાગ્યે વિજલપોર પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ નોંધાવી છે.

# ઐતિહાસિક 'ડાંગ દરબાર' મેળાનો ૨૬મી ફેબ્રુઆરીથી પ્રારંભ

**રાજ્યપાલ** આ વખતે પહેલી વાર માનવંતા રાજવીઓનું બે વખત સન્માન કરશે



સાપુતારા : ૨૬મી ફેબ્રુઆરીથી ૩જી માર્ચ-૨૦૨૬ સુધી યોજાનાર ડાંગ જિલ્લાના પોતિકા ઉત્સવ એવા ઐતિહાસિક 'ડાંગ દરબાર' મેળાના આયોજન સંદર્ભે, જિલ્લા કલેક્ટર શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને પ્રેસ કોન્ફરન્સ આયોજિત કરાઈ હતી. જેની વિગતો આપતા જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા એક માસ અગાઉથી મેળાના આયોજન અંગેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ વર્ષે તા.૨૬ ફેબ્રુઆરીથી ત્રણ માર્ચ સુધી ઐતિહાસિક 'ડાંગ દરબાર' મેળાનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમની શરૂઆત મંત્રી જયરામ ગામિત, સાંસદ ધવલ પટેલ, ધારાસભ્ય વિજય પટેલ, અને જિલ્લા પંચાયતના પ્રમુખ નિર્મળા ગાઉનની ઉપસ્થિતિ સાથે કરાશે. તે અગાઉ ગીત, સંગીત, અને નૃત્યો સાથે રાજવીઓની ભવ્ય શોભાયાત્રા પણ યોજાશે. ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તા.૨જી માર્ચે આહવામાં રંગ ઉપવન ખાતે રાજવીઓને પોલિટિકલ પેન્શન આપી સન્માન કરાશે. આમ, આ વખતે પહેલી વાર માનવંતા રાજવીઓનું બે વખત સન્માન કરાશે. આ પ્રસંગે ચિટનીશ ટુ કલેક્ટર પ્રકાશ મહાલા, નાયબ ઈજનેર સુનિલ મહેતા, સ્થાનિકો ઉપસ્થિત રહ્યાં હતા.

### સતત ૫ દિવસ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો

સાપુતારા : 'ડાંગ દરબાર 'ના પ્રારંભ સાથે ડાંગના દરબારીઓને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ માણવા મળશે. જેમાં ઉદઘાટન સમારોહ અગાઉ આહવાના જિલ્લા સેવા સદન ખાતેથી નીકળનાર રાજવીઓની ભવ્ય શોભાયાત્રા દરમિયાન ડાંગ જિલ્લાનું વિશ્વ પ્રસિધ્ધ 'ડાંગી નૃત્ય', પાવરી નૃત્ય, માદળ, ભવાડા નૃત્ય, ઉપરાંત અન્ય પ્રાંતના વિખ્યાત નૃત્યોની રમઝટ માણવા મળશે. જેમાં પ્રથમ દિવસે ગુજરાતની પ્રખ્યાત ગાયિકા કિંજલ દવે પોતાના સંગીતના શુર રેલાવશે. બીજા દિવસે ભાવેશ આહિર, ત્રીજા દિવસે લક્ષ્ય બેન્ડ, ચોથા દિવસે પ્રિતમ શુક્લ અને રૂપલ રાણા તથા પાંચમાં દિવસે મેઘ મલ્હાર બેન્ડ જે તમામ ખ્યાતનામ સિંગરો અને મ્યુઝીક બેન્ડ પોતાનું પરફોર્મન્સ રજુ કરશે. આ ઉપરાંત સ્થાનિક કલાકારો પણ સંગીત, નૃત્ય અને વિવિધ કૃતિઓ રજુ કરશે.

### મેળા દરમિયાન એક્સ્ટ્રા બસો શરૂ કરાશે

સાપુતારા : આહવા ખાતે તા.૨૬/૨/૨૦૨૬ થી તા.૩/૩/૨૦૨૬ દરમિયાન આયોજિત 'ડાંગ દરબાર'માં ઉમટતી જનમેદની, રાહદારીઓ, વેપારીઓ વિગેરેની સરળતા તથા સૂચારુ વાહન વ્યવહાર અર્થે જિલ્લા વહીવટી તંત્રની ટ્રાફિક નિયમન સમિતિ દ્વારા એક્સ્ટ્રા હંગામી બસોની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. એસ.ટી તંત્ર દ્વારા વધુ ૬ જેટલી બસો દોડાવવામાં આવનાર છે.

# ડેમોસા કંપનીના કામદારોની પોતાના હક માટે રજૂઆત



**પગાર**, રજા, પીએફ સહિતના લાભ અને કંપનીના પ્રદૂષણ અંગે પણ કલેક્ટરને રજૂઆત

વલસાડ : વલસાડની ડેમોસા કંપનીના કામદારોએ આજરોજ ગુજરાત મઝદૂર સભાના સથવારે વલસાડ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી પોતાના પગાર, રજા તેમજ પીએફ સહિતના હકની માંગણી કરી હતી. આ સાથે તેમણે કંપની દ્વારા પ્રદૂષણ ફેલાતું હોવાના પણ આક્ષેપો કર્યા હતાં. જેને લઇ કંપનીની નીતિ-રીતિ સામે સવાલો ઉઠી રહ્યા છે.

વલસાડની ડેમોસા કંપનીના કામદારો માટે ગુજરાત મઝદૂર સભાએ આગેવાની લઇ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જણાવ્યું કે, ડેમોસા કંપનીના સંચાલકો 500 જેટલા કામદારોને કામ કરતા રોકી રહ્યા છે. તેઓ કામદારોને ઓળખકાર્ડ, રજા ચિઠ્ઠી, પગાર ચિઠ્ઠી કે અન્ય કોઇ દસ્તાવેજો આપતા નથી. તેઓ કામદારોના પીએફ પણ કાપતા નથી. તેઓ કંપનીમાં સંવેદનશીલ કેમિકલનું ઉત્પાદન કરે છે, પરંતુ નિષ્ણાત ક્વોલિફાઇડ માણસોને રાખતા નથી. તેઓ ગુજરાત પ્રદૂષણ કંટ્રોલ બોર્ડ દ્વારા નક્કી કરેલા ધારાધોરણોનું પાલન કરતા નથી. તેઓ કંપનીનું કેમિકલવાળું પાણી પ્લાન્ટની બહાર ડિસ્ચાર્જ કરતા હોવાની પણ રજૂઆત તેમણે કરી છે. જેના કારણે આજુબાજુના નદી-નાળા તેમજ જમીનને નુકશાન થઇ રહ્યું છે. ગુજરાત મઝદૂર સભાએ કામદારોના હક સાથે કંપનીની પોલ ખોલતી રજૂઆત પણ કરતાં ભારે ચર્ચા જાગી છે. આ રજૂઆત બાદ હવે કંપની સામે વહીવટી તંત્ર કયા પગલાં લેશે તે સમય જ બતાવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીના ભાજપ અગ્રણીની હત્યાના આરોપીના જામીન નામંજૂર

વલસાડ : વાપી તાલુકા ભાજપના અગ્રણીની હત્યા કેસમાં સોપારી લેનાર આરોપીએ વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ થયા બાદ જામીન માટે અરજી કરી હતી. જેની સૂનવણી હાથ ધરાતા જજ એચ. એન. વકીલે ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી આ જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. વાપી ભાજપના અગ્રણી શૈલેષ પટેલની ગોળી મારી કરાયેલી હત્યામાં આ હત્યાની સોપારી લેનાર વૈભવ રાહુલ હરીરામ યાદવે વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ થયા બાદ જામીન માટે અરજી કરી હતી. આ અરજીની સૂનવણી બાદ જજે આ અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

### ડુંગરાના ગેંગ રેપના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

વાપીઃ ડુંગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગેંગરેપના ગુનામાં સંડોવાયેલા આરોપીને પેરોલ ફર્લો સ્ક્વોડ વલસાડની ટીમે વાપીથી ઝડપી પાડ્યો હતો. વર્ષ 2025 માં વાપી ડુંગરા પોલીસ સ્ટેશનમાં ગેંગરેપની ફરિયાદ નોંધાવા પામી હતી. જેમાં રાજાબાબુ ઉદમેલ કુશવાહા તથા પ્રિન્સ ઉદમેલ કુશવાહાએ નોકરી આપવાની લાલચ આપી મિત્રતા કેળવી તેની સાથે બળજબરીપૂર્વક અવારનવાર સામૂહિક બળાત્કાર ગુજારી વાપી છીરી રણછોડનગરની રૂમમાં બંધ કરી રાખી હતી. આ ગુનામાં સંડોવાયેલા પ્રિન્સ તપાસ દરમિયાન પકડાઇ ગયો હતો જયારે રાજાબાબુ ઉદયમલ કુશવાહા (ઉ.વ27, રહે., યુપી) પોલીસ પકડથી દૂર હતો. દરમિયાન મળેલી બાતમીના આધારે ગેંગરેપના ગુનામાં ફરાર રાજાબાબુને વાપીથી ઝડપી પાડ્યો હતો અને ડુંગરા પોલીસને સોંપી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### ઉમરગામમાં ગેરકાયદે ભંગારના ગોડાઉન ધરાવતા શખ્સ સામે ગુનો

ઉમરગામ : ઉમરગામમાં ભંગારના ગોડાઉન ધરાવતા એક શખ્સ સામે જાહેરનામાનો ભંગનો ગુનો ઉમરગામ પોલીસે દાખલ કરતા ફફડાટ મચી જવા પામ્યો છે. ઉમરગામ ગોકુલધામ ડમરુંવાડીમાં આવેલા સરફુદીન અલાઉદ્દીન ખાનના ભંગારના ગોડાઉનમાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની પરવાનગી મેળવેલી ન હોય તથા ફાયર એનઓસી અને બાંધકામની પરમિશન વગર ભંગારનું ખરીદ વેચાણ અંગેનું રજિસ્ટર નિભાવ્યા વગર જ ખરીદ વેચાણ થતું હોય પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# નવસારીમાં સગીરાને ભોળવી ભાગી ગયેલો પરિણીત આરોપી ઝડપાયો

**સિવિલ** હોસ્પિટલના કર્મચારીએ વિશ્વાસમાં લઈ સગીરાને સાથે લઈ ભાગ્યો હતો



નવસારી : નવસારી શહેરમાં સગીરાને ભેળવી લઈ ફરાર થયેલા ગંભીર બનાવમાં નવસારી ટાઉન પોલીસે ઝડપી કામગીરી કરીને માત્ર ત્રણ દિવસમાં આરોપીને કાયદાની પકડમાં લઈ લીધો છે. સગીરા અચાનક ગુમ થતાં પરિવારજનોમાં ભય અને ચિંતા ફેલાઈ હતી અને તાત્કાલિક પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસ તપાસ મુજબ, ભાવેશ હળપતિ નામનો આરોપી સિવિલ હોસ્પિટલમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતો હતો. તેણે ઓળખાણ અને વિશ્વાસનો લાભ લઈને સગીરાને પોતાના પ્રભાવમાં લીધી હતી અને તા. 20ના રોજ તેને સાથે લઈ શહેરમાંથી ફરાર થઈ ગયો હતો. ફરિયાદ મળતા જ પોલીસે મામલાની ગંભીરતા સમજી તપાસનો દોર તેજ કર્યો હતો. ટેકનિકલ સર્વેલન્સ, મોબાઈલ લોકેશન અને બાતમીદારોની મદદથી આરોપીની હિલચાલ પર સતત નજર રાખવામાં આવી અને અંતે તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી પરિણીત છે અને એક સંતાનનો પિતા છે. હાલ તેના વિરુદ્ધ પોક્સો અધિનિયમ તેમજ અપહરણની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ બનાવે શહેરમાં સગીરાઓની સુરક્ષા અંગે ગંભીર ચિંતાનો મુદ્દો ઉભો કર્યો છે, ત્યારે પોલીસે વાલીઓને વધુ સતર્ક રહેવાની અને શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક જાણ કરવાની અપીલ કરી છે.

## રૂપવેલ ગામે કાર અડફેટે અનાવલના યુવકનું મોત

વાંસદાઃ અનાવલ ગામે પાંચકાકડા ખાતે રહેતા ગિરીશ પટેલ દિપક પટેલ (રહે., રૂપવેલ દેશાઈ ફળિયું, તા.વાંસદા ) સાથે કાટસવેલથી લગ્ન પ્રસંગમાંથી બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા, તે દરમ્યાન તેઓ લાખાવાડી ગામે બસ સ્ટેન્ડ પાસે પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્વિફ્ટ કાર (નં. જીજે ૨૧ એક્યું ૪૩૫૨) ના ચાલક જીગ્નેશ રાઠોડ (રહે., જલાલપોર, વૃંદાવન એપાર્ટમેન્ટ) એ અડફેટે લેતાં ગિરીશ પટેલનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે દીપકભાઈને ઈજા થઈ હતી. આ સમગ્ર બનાવ અંગે વાંસદા પોલીસમથકે કારચાલક વિરુદ્ધ ફરિયાદ નોધાવાઈ હતી.

# ગાડીને કટ મારવા મુદ્દે બલીઠામાં મારામારી

વાપી : વલસાડ તાલુકાના ધરાસણા ગામમાં રહેતા દિક્ષિતકુમાર નાનુભાઈ પટેલ કાર લઈને મિત્ર સાથે બલીઠા નોકરી ઉપર આવી રહ્યા હતાં. ને.હા. નં.48 પારડી આઈટીઆઈ પાસે ટેમ્પો કારને કટ મારી નીકળી ગયો હતો. જેથી તેઓએ ઉદવાડા બ્રિજ ઉતરતા ટેમ્પાચાલકને આ બાબતે ઠપકો આપ્યો હતો. જે બાદ તેઓ કાર લઈને બલીઠા કંપનીએ પહોંચ્યા ત્યારે ટેમ્પોચાલક અને તેની સાથે અન્ય ત્રણ ઈસમોએ આવી ઝઘડો કરી દિક્ષિત અને તેના મિત્રને માર માર્યો હતો અને ટેમ્પામાંથી સળિયો લઈને દિક્ષિતને મારતા લોહીલુહાણ થયો હતો. મારામારીમાં કંપનીમાં કામ કરતો વિશાલ તથા ટેમ્પોચાલક અને અન્ય 2 ઈસમો હતાં. ઈજાગ્રસ્તને વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. આ બનાવ અંગે દિક્ષિત પટેલે મારામારી કરનારા ટેમ્પોચાલક, વિશાલ તથા અન્ય 2 ઈસમો સામે વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# ઈયરફોન નાખી સ્પીડમાં બાઈક ચલાવતા યુવાને અકસ્માત સર્જ્યો

**વલસાડમાં** યુવાને અડફેટે લેતા વૃધ્ધની હાલત નાજુક

વલસાડ : વલસાડ શહેરના તિથલ રોડ પર સોમવારે અકસ્માતની ઘટના સામે આવી છે. એક યુવાન પોતાના કાનમાં ઈયરફોન લગાવીને ખૂબ જ પૂરપાટ ઝડપે પોતાનું વાહન હંકારી રહ્યો હતો. આ દરમિયાન વલસાડ તિથલ રોડ પરથી પસાર થઈ રહેલા એક વૃદ્ધ વ્યક્તિને અડફેટે લીધા હતા. વાહનની ગતિ વધુ હોવાથી ટક્કર લાગતા જ વૃદ્ધ ફંગોળાઈ ગયા હતા. આ અકસ્માતમાં વૃદ્ધને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ટક્કરને કારણે વૃદ્ધના થાપાના હાડકાં તૂટી ગયા છે. તેઓ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર મળી આવ્યા હતા. તાત્કાલિક ધોરણે તેમને 108 મારફતે સારવાર અર્થે વલસાડની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જણાઈ રહ્યું છે.